**ક્રમાંક–૧**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**

**શુક્રવાર, તા. ૧૦મી જાન્યુઆરી, ૨૦૨૦**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

નામદાર રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે બપોરના ૧૨.૦૦ વાગ્યે વિધાનસભા ગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.
(રાજયપાલશ્રીનું સંબોધન પૂરું થયા બાદ ૧૫ મિનિટના વિરામ બાદ ગૃહની બેઠક મળી)

માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે બપોરના ૧૨.૨૨ વાગ્યે સભાગૃહની બેઠક મળી.

(સભાગૃહની બેઠકની શરૂઆત ‘‘વંદેમાતરમ્’’ સંગીતની ધૂન બજાવી કરવામાં આવી)

૧. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલી રાજયપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ**

સચિવશ્રીએ રાજયપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

૨. **રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇએ સભ્યશ્રી કુબેરભાઇ ડિંડોરના અનુમોદનથી નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

‘‘અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

૩. **અનુમતિ મળેલ વિધેયકો**

સચિવશ્રીએ ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૯નાં વિધેયક ક્રમાંક–૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬ અને ૩૭ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

૪. **વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો સાતમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

૫. **માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના રા.ક.ના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

‘‘આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય.’’

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૬. **વૈધાનિક પ્રસ્તાવ (નિયમ–૧૦૦)**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ભારતના બંધારણના અનુચ્છેદ ૩૬૮(૨) અન્વયેનો નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

"That this House ratifies the amendments to the Constitution of India falling within the purview of clause (d) of the proviso to clause (2) of article 368, proposed to be made by the Constitution (One Hundred and Twenty - Sixth Amendment) Bill, 2019, as passed by both the Houses of Parliament."

ગુજરાતી અનુવાદ

‘‘આ ગૃહ, સંસદના બન્ને ગૃહોએ પસાર કરેલ સંવિધાન (એકસો છવ્વીસમા સુધારા) વિધેયક,

૨૦૧૯થી, ભારતના સંવિધાનમાં કરવા ધારેલા સુધારાને સંવિધાનના અનુચ્છેદ ૩૬૮ ના ખંડ (૨)ના પરંતુકના ખંડ (ઘ)ના કાર્યક્ષેત્ર પ્રમાણે બહાલ રાખે છે.''

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અમિત ચાવડા
(૨)શ્રી ગણપતસિંહ વસાવા(આદિજાતિ વિકાસ મંત્રીશ્રી)
(૩) શ્રી શૈલેષ પરમાર
(૪) શ્રી ઈશ્વરભાઈ પરમાર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)
(૫)ડો. અનિલ જોષીયારા
(૬) શ્રી પી.ડી.વસાવા
(૭) શ્રી હિતુ કનોડીયા
(૮) શ્રી મહેશ વસાવા

ત્યારબાદ વૈધાનિક પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૭. વૈધાનિક પ્રસ્તાવ સિવાયનો સરકારી પ્રસ્તાવ**

**માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાનો પ્રસ્તાવ**

માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ કેન્દ્ર સરકાર દ્વારા ધી સીટીઝનશીપ એક્ટ, ૧૯૫૫માં સુધારો કરી ડિસેમ્બર–૨૦૧૪ સુધીમાં પાકિસ્તાન, બાંગ્લાદેશ તથા અફઘાનિસ્તાનમાંથી સ્થળાંતર કરીને આવેલા હિંદુ, શીખ, જૈન, પારસી, બૌદ્ધ તથા ઇસાઇ સમુદાયના લોકોને નાગરિકતા આપવા બાબતના કાયદાના સમર્થન માટેનો પ્રસ્તાવ રજૂ કરી પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી)
(૨) શ્રી પૂર્ણેશ મોદી

**૮. માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરેલ શબ્દો, વાક્યોને પ્રિન્ટ મિડિયામાં પ્રસિદ્ધ ન કરવા સૂચના આપી અને પ્રસિદ્ધ કરનાર મિડિયા સામે વિશેષાધિકારભંગની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું.

**(વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦)**

**૯. વૈધાનિક પ્રસ્તાવ સિવાયનો સરકારી પ્રસ્તાવ (ક્રમશઃ)**

(૩) શ્રી પુંજાભાઇ વંશ
(૪) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૫) શ્રી અમિત ચાવડા
(૬) શ્રી ગ્યાસુદ્દીનભાઇ શેખ
(૭) શ્રી બલરામ થાવાણી
(૮) ડો.સી.જે.ચાવડા
(૯) શ્રીમતી માલતી મહેશ્વરી
(૧૦) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૧૧) શ્રી કીરીટભાઇ પટેલ
(૧૨) શ્રી સુરેશભાઇ પટેલ (વક્તવ્ય અધૂરું)

**૧૦. સભાગૃહનો સમય લંબાવવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય પૂર્ણ થવા આવતાં વૈધાનિક પ્રસ્તાવ સિવાયના સરકારી પ્રસ્તાવ પરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવ્યો.

**૧૧. વૈધાનિક પ્રસ્તાવ સિવાયનો સરકારી પ્રસ્તાવ (ક્રમશઃ)**

શ્રી સુરેશભાઇ પટેલે પોતાનું અધૂરું રહેલ વક્તવ્ય પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૩) શ્રી શૈલેષ પરમાર
(૧૪) શ્રી નૌશાદ સોલંકી
(૧૫) શ્રી ઋત્વિકભાઇ મકવાણા
(૧૬) શ્રી નરેશભાઇ પટેલ (વક્તવ્ય અધૂરું)

**૧૨. સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે**

સભ્યશ્રી ઇમરાનભાઇ ખેડાવાલાએ પ્લેકાર્ડ બતાવીને પ્રદર્શન કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ તેમને અટકાવીને આ પાકિસ્તાન નથી તેમ જણાવતાં શ્રી અમિત ચાવડા દ્વારા આ બાબતનો મુદ્દો ઉપસ્થિત કર્યો. જેનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આપી રહ્યા હતા તે સમયે વિરોધપક્ષના સભ્યો દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવતાં સભાગૃહની બેઠક આગળ ચલાવવાનું અશક્ય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક સાંજના ૪.૩૬ વાગ્યે ૧૫ મિનિટ માટે મુલતવી રાખવાની જાહેરાત કરી.

મુલતવી રહેલ સભાગૃહની બેઠક સાંજના ૪.૫૧ વાગ્યે ફરી મળી.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

૧૩. **વૈધાનિક પ્રસ્તાવ સિવાયનો સરકારી પ્રસ્તાવ (ક્રમશઃ)**

શ્રી નરેશભાઇ પટેલે પોતાનું અધૂરું રહેલ વક્તવ્ય પૂર્ણ કર્યા બાદ ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સભાગૃહ , સોમવાર, તા. ૨૪મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૦૮ વાગ્યે મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા.૧૦મી જાન્યુઆરી, ૨૦૨૦

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૨**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**બુધવાર, તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૭ થી ૩૩૨ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ કલાકે પૂરો થયો.

**૨. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના પૂર્વ મંત્રી સ્વ.શ્રી દોલતભાઇ નાથુભાઇ દેસાઇ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી ગોવિંદભાઇ અરજણભાઇ ચૌહાણ અને સ્વ.શ્રી કરમશીભાઇ વીરજીભાઇ પટેલના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર, મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મંત્રીશ્રી રમણલાલ પાટકર, સભ્યશ્રી જીતુભાઇ ચૌધરી, મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા, સભ્યશ્રી બ્રિજેશ મેરજા, સભ્યશ્રી કનુભાઇ દેસાઇ, સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇ તથા સભ્યશ્રી પ્રદિપભાઇ પરમારે શોકદર્શક ઉલ્લેખોમાં પોતાનો સૂર પૂરાવી શોકાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખોમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે નિયમ–૧૧૬ અન્વયે ‘‘તાજેતરમાં પાકિસ્તાન મરીન સિક્યુરિટી એજન્સી દ્વારા ભારતીય જળ સીમામાંથી માછીમારોને તેમની બોટ સાથે અપહરણના બનાવો બનતા માછીમારોમાં ફેલાયેલ રોષ અને ચિંતાની લાગણી દૂર કરવા’’ અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જવાહરભાઇ ચાવડાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા તથા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પણ પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સમીક્ષા.

**માનનીય રાજ્યકક્ષાના પશુપાલન મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૨) ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સમીક્ષા.

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૩) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીના સન ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર**

(૪) ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજયકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

(૫) ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૬) ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, આયોગની સલાહના અસ્વીકારના કિસ્સા માટે સરકારની સ્પષ્ટીકરણાત્મક યાદી તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૭) ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૧૭–૧૮ના વાર્ષિક હિસાબો તેમજ આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

**૫. કામકાજ સલાહકાર સમિતિના આઠમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો આઠમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

**૬. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના રા.ક.ના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

‘‘આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના આઠમા અહેવાલ સાથે સંમત થાય.’’

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૭. ખર્ચના પૂરક પત્રકની રજૂઆત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે સન ૨૦૧૯–૨૦૨૦ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું.

**૮. અંદાજપત્રની રજૂઆત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે સન ૨૦૨૦–૨૦૨૧ના વર્ષ માટેનું અંદાજપત્ર પ્રવચન વાંચવાનું શરૂ કર્યું.

**૯. વિરામનો સમય રદ કરવા અંગે**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સન ૨૦૨૦–૨૦૨૧ના નાણાકીય વર્ષ માટેના અંદાજપત્ર અંગેનું અંદાજપત્ર પ્રવચન વાંચી રહ્યા હતા તે દરમિયાન માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ અંદાજપત્ર પ્રવચનનું વાચન ચાલુ રહે તે હેતુથી વિરામનો સમય રદ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો જેને વિપક્ષના દંડકશ્રીએ સમર્થન આપતાં માનનીય અધ્યક્ષશ્રીએ તદ્અનુસાર સભાગૃહની અનુમતિથી વિરામનો સમય રદ કર્યો.

**૧૦. અંદાજપત્રની રજૂઆત (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ સન ૨૦૨૦–૨૦૨૧ના વર્ષ માટેનું તેમનું અધૂરું રહેલ અંદાજપત્ર પ્રવચન પૂરું કર્યું અને સન ૨૦૨૦–૨૦૨૧ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર ગૃહના મેજ ઉપર મૂક્યું.

**૧૧. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીની જાહેરાત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે અંદાજપત્ર પ્રકાશનોની શાસકપક્ષના સભ્યશ્રીઓને સોફ્ટ કોપી આપવાની અને વિરોધપક્ષના સભ્યશ્રીઓને હાર્ડ કોપી આપવાની જાહેરાત કરી.

**સભાગૃહ, ગુરુવાર તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૦૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૦**

**ક્રમાંક–૩**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**ગુરુવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૦**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૮થી ૩૩૦ને પણ અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

**૨. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી રાઘવજીભાઇ પટેલે સમિતિનો પાંચમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

**૩. બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી રાઘવજીભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

‘‘આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પાંચમા અહેવાલ સાથે સંમત થાય.’’

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૪. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇએ, સભ્યશ્રી કુબેરભાઇ ડીંડોરના અનુમોદનથી તા.૧૦મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો. રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

‘‘અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

ત્યારબાદ સભ્યશ્રી ડો. અનિલ જોષીયારા, શ્રી પુંજાભાઇ વંશ, શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, શ્રી બાબુભાઇ વાજા, શ્રી હર્ષદકુમાર રીબડીયા, શ્રી મોહનસિંહ રાઠવા, શ્રી ભાવેશભાઇ કટારા, શ્રીમતી ગેનીબેન ઠાકોર, શ્રી અક્ષયકુમાર પટેલ, શ્રી આનંદભાઇ ચૌધરી, શ્રી જશપાલસિંહ પઢિયાર, શ્રી અશ્વિનભાઇ કોટવાલ, શ્રી શીવાભાઇ ભુરીયા, શ્રી બ્રિજેશ મેરજા, ડો.સી.જે.ચાવડા, શ્રી કાન્તિભાઇ પરમાર, શ્રી જીતુભાઇ ચૌધરી, શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા, શ્રી લલીત વસોયા અને શ્રી કીરીટકુમાર પટેલે પોતાના સુધારા રજૂ કર્યા.

ત્યારબાદ આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) શ્રી પિયુષભાઇ દેસાઇ
(૨) શ્રી કુબેરભાઇ ડીંડોર
(૩) શ્રી પુંજાભાઇ વંશ
(૪) શ્રી જગદીશ વિશ્વકર્મા
(૫) ડો.સી.જે.ચાવડા (પ્રવચન અધૂરું)

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

વિરામ બાદ સભ્યશ્રી ડો.સી.જે.ચાવડાએ વિરામ પહેલાંનું તેમનું વક્તવ્ય પૂરું કર્યું. ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી ઋષિકેશ પટેલ
(૭) શ્રી બ્રિજેશ મેરજા
(૮) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૯) શ્રી લલીતભાઇ કગથરા
(૧૪) શ્રી જીતેન્દ્ર સુખડીયા
(૧૫) શ્રી હર્ષદકુમાર રીબડીયા
(૧૬) શ્રી આનંદભાઇ ચૌધરી
(૧૭) શ્રી અરવિંદભાઇ પટેલ

| | |
|---|---|
| (૧૦) શ્રીમતી સંગીતાબેન પાટીલ | (૧૮) શ્રી પુનાભાઇ ગામીત |
| (૧૧) ડો. કીરીટકુમાર પટેલ | (૧૯) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા |
| (૧૨) શ્રી મોહનભાઇ ઢોડિયા | (૨૦) શ્રી પ્રદિપસિંહ જાડેજા (માનનીય રાજ્ય કક્ષાના ગૃહમંત્રીશ્રી) |
| (૧૩) શ્રી નૌશાદ સોલંકી | |

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩.૩૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૨.૩૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**

**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે**

**સભાગૃહ બપોરના ૩.૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૧ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૧૦ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ-૧૨થી ૩૩૭ને પણ અતારાંકિત ગણવામાં આવ્યા.

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**તારાંકિત પ્રશ્નોત્તરીના જવાબમાં વિસંગતતા અંગે**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે આજ તા.૨૭–૦૨–૨૦૨૦ની બીજી બેઠકની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–૭૪ અને તા.૨૩મી ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–૧૬૪ના માનનીય સભ્યશ્રીઓએ પૂછેલા એક સરખા પ્રશ્નોના જવાબોમાં વિસંગતતા હોવા અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતાં, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ બાબતે તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવાનું જણાવ્યું.

**૩. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર ૧૫–૧૫ સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

**૪. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇએ, સભ્યશ્રી કુબેરભાઇ ડીંડોરના અનુમોદનથી તા.૧૦મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

‘‘અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

ત્યારબાદ આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) શ્રી પૂર્ણેશ મોદી | (૫) શ્રી જીજ્ઞેશકુમાર સેવક |
| (૨) ડો.અનિલ જોષીયારા | (૬) શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| (૩) શ્રી કિશોર ચૌહાણ | (૭) શ્રી રમણભાઇ પટેલ |
| (૪) શ્રી વિરજીભાઇ ઠુમ્મર | (૮) શ્રી સુખરામભાઇ રાઠવા (પ્રવચન અધૂરું) |

**(વિરામ સાંજના ૫–૩૦ થી ૬–૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી સુખરામભાઇ રાઠવાએ વિરામ પહેલાંનું તેમનું અધૂરું રહેલ વકતવ્ય પૂરું કર્યું. ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૯) શ્રી રમેશભાઇ કટારા | (૧૨) શ્રી શીવાભાઇ ભુરીયા |
| (૧૦) શ્રી લલીત વસોયા | (૧૩) શ્રી જગદીશભાઇ પટેલ |
| (૧૧) શ્રી હિતુ કનોડીયા | (૧૪) શ્રી આર.સી.ફળદુ (માનનીય કૃષિ મંત્રીશ્રી) |

**૫. બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

**(૧) દાખલ કરવાનું બિન–સરકારી વિધેયક**

(૧)સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સન ૨૦૨૦નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

**(૨) પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન-સરકારી વિધેયકો**

૧. સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે ‘‘સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૧૮નું ગુજરાત સહકારી મંડળી(સુધારા) બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧)શ્રી બાબુભાઇ પટેલ

(૨) શ્રી જશુભાઇ પટેલ

(૩) શ્રી ગોવિંદભાઇ પટેલ

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

૨. સભ્યશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ‘‘સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૧૮નું પોળ અને અન્ય હેરીટેજ બિલ્ડીંગનું સંચાલન (વાણિજ્યક ઉપયોગ પર નિયંત્રણ) અને હેરીટેજ સ્ટ્રક્ચરની જાળવણી વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી હિમંતસિંહ પટેલ

(૨) શ્રી અરવિંદભાઇ પટેલ

(૩) શ્રી ઇમરાન ખેડાવાલા

(૪) શ્રી જીતેન્દ્ર સુખડીયા

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના(સ્વતંત્ર હવાલો) મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

૩. સભ્ય શ્રીમતી મનિષાબેન વકીલે ‘‘સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૧૮નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. કીરીટકુમાર પટેલ

(૨) શ્રી કુબેરભાઇ ડીંડોર

(૩) શ્રી બ્રિજેશ મેરજા

માનનીય અધ્યક્ષશ્રીએ પણ ચર્ચામાં ભાગ લઇ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ), સિવિલ જજ(સિનિયર ડિવિઝન અને જુનિયર ડિવિઝન), સેશન્સ કોર્ટમાં પણ હાઇકોર્ટની સૂચના અનુસાર શક્ય હોય ત્યાં સુધી ગુજરાતીમાં ચૂકાદા આપવાનો ઉલ્લેખ કરી ગુજરાતી ભાષાની મધુરતાના થોડાક ઉદાહરણો આપ્યા.

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના(સ્વતંત્ર હવાલો) મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

**સભાગૃહ , શુક્રવાર, તા.૨૮મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રીના ૯.૦૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૪**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**શુક્રવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૨ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ-૧૩થી ૩૧૧ને પણ અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

**૨. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ લોકસભાના માનનીય અધ્યક્ષશ્રી ઓમ બિરલાએ કરેલ સૂચન અનુસાર વર્ષ ૨૦૧૯થી ગુજરાત રાજ્યની વિધાનસભામાં શ્રેષ્ઠ ધારાસભ્યશ્રીનો એવોર્ડ આપવાની જાહેરાત કરી.

**૩. માનનીય મંત્રીશ્રીની સ્પષ્ટતા**

**માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની ટેબ્લેટની ખરીદી અંગે સ્પષ્ટતા**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ તા.૨૭–૦૨–૨૦૨૦ને ગુરુવારના રોજની પ્રશ્નોત્તરી દરમિયાન સરકારે ખરીદેલ ટેબ્લેટની મૂળ કિંમત ખૂબ જ ઓછી છે તેમ છતાં સરકારે તેને ખૂબ જ ઉંચા ભાવે ખરીદી કર્યા અંગેની રજૂઆત કરતાં, માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ બાબતે ઉંડાણપૂર્વક તપાસ કરી વિગતવાર અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કરેલ આક્ષેપ સદંતર પાયાવિહોણો હોવાની રજૂઆત કરી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ આ બાબતે માફી માગવી જોઇએ અથવા તો તેમણે કરેલ આક્ષેપ પાછો ખેંચવો જોઇએ તેમ જણાવ્યું. ત્યારબાદ માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ આ બાબતમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કરતાં, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ આ બાબતે જરૂરી તપાસ કરવા સમય આપવાની માંગણી કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તેમને તપાસ કરવા સમય આપવો જરૂરી છે તેમ જણાવ્યું.

**૪. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**માનનીય મંત્રીશ્રીઓના પ્રશ્નોત્તરી દરમિયાનના જવાબો ટૂંકા આપવા બાબત.**

માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશે પ્રશ્નોત્તરી દરમિયાન માનનીય મંત્રીશ્રીઓ સભ્યશ્રીઓના પ્રશ્નો સાથે સુસંગત ન હોય તેવા લંબાણપૂર્વકના જવાબો આપી વધુ પ્રશ્નો પૂછવાનો અવકાશ રહેતો ન હોવા અંગેના પૂર્વ માનનીય અધ્યક્ષશ્રીઓના નિર્ણયો હોવાનું જણાવી, માનનીય મંત્રીશ્રીઓને ટૂંકમાં જવાબ આપવા અંગે જણાવવા માનનીય અધ્યક્ષશ્રીને રૂલીંગ આપવાનું જણાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ હમણાંથી મેં આ બાબત અમલમાં મૂકી દીધેલ હોવાથી અલગ રૂલીંગની આવશ્યકતા ન હોવાનું જણાવી, માનનીય મંત્રીશ્રીઓને સભ્યશ્રીઓના પ્રશ્નોના ટૂંકમાં જવાબો આપવા જણાવ્યું.

**૫. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇએ, સભ્યશ્રી કુબેરભાઇ ડીંડોરના અનુમોદનથી તા.૧૦મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.
રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

‘‘અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

ત્યારબાદ આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૨) શ્રી અમિત ચાવડા
(૩) શ્રી સુરેશભાઇ ધ.પટેલ
(૪) શ્રી બળદેવજી ઠાકોર
(૫) શ્રી જીગ્નેશકુમાર મેવાણી

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી શૈલેષભાઇ મહેતા
(૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૮) ડો.નીમાબેન આચાર્ય
(૯) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા
(૧૦) શ્રી બાબુભાઇ પટેલ
(૧૧) શ્રી અમરીષભાઇ ડેર
(૧૨) શ્રી જેઠાભાઇ આહિર(ભરવાડ)
(૧૩) શ્રી પુનમભાઇ પરમાર
(૧૪) શ્રી અભેસિંહ તડવી
(૧૫) શ્રી ગુલાબસિંહ રાજપૂત
(૧૬) શ્રી ભીખાભાઇ જોષી
(૧૭) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૧૮) ડો.આશાબેન પટેલ
(૧૯) શ્રી રઘુભાઇ દેસાઇ

આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી આપતા હતા ત્યારે સભાગૃહનો સમય પૂર્ણ થવા આવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય મુખ્યમંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય અને માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરનું મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાની જાહેરાત કરી.

ત્યારબાદ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.

ત્યારબાદ સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇએ ચર્ચાનો જવાબ આપવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનો તથા ચર્ચામાં ભાગ લેનાર તમામ સભ્યશ્રીઓનો આભાર માન્યો.

ત્યારબાદ માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરના રજૂ થયેલ સુધારા ક્રમાંક– ૧, ૪, ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૫, ૧૮, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૩, ૩૪ અને ૩૫ મત માટે મૂકવામાં આવ્યા અને નામંજૂર કરવામાં આવ્યા.

ત્યારબાદ રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, સોમવાર, તા.૨જી માર્ચ ૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૨.૩૯ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૫**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**સોમવાર, તા. ૨જી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

સોમવાર, તા. ૨જી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩ અને ૪ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૫ થી ૨૯૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**તારાંકિત પ્રશ્નોત્તરીના જવાબોને ક્લબ કરી પ્રશ્નો પૂછવા બાબત**

માનનીય રાજ્ય કક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જુદા જુદા તારાંકિત પ્રશ્નોના જવાબોને ક્લબ કરી પ્રશ્નોત્તરીના સમય દરમિયાન પેટા પ્રશ્નો પૂછવા બાબતનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતાં, વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ પ્રશ્નો પૂછવાનો સભ્યશ્રીઓનો અબાધિત અધિકાર હોઇ, માનનીય મંત્રીશ્રીઓએ તેનો વિગતવાર જવાબ આપવો જોઇએ તેમ જણાવી, માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહનો પોઇન્ટ ઓફ ઓર્ડર અપ્રસ્તુત હોઇ નામંજૂર કરવાનું જણાવતાં, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે તારાંકિત પ્રશ્નોના જવાબો જે તે પ્રશ્ન સાથે જ સુસંગત હોવાની બાબત સ્પષ્ટ કરી, માનનીય મંત્રીશ્રીનો પોઇન્ટ ઓફ ઓર્ડર પ્રસ્તુત હોઇ રૂલીંગ આપવાનું જણાવતાં, સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સભ્યશ્રી પુંજાભાઇ વંશ, શ્રી વિક્રમભાઇ માડમ તથા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પોતાનું મંતવ્ય વ્યક્ત કરી પોઇન્ટ ઓફ ઓર્ડરનું રૂલીંગ આપવાનું જણાવતાં માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબત ખૂબ અગત્યની હોઇ તેઓ પછીથી વિગતવાર રૂલીંગ આપશે તેવી જાહેરાત કરી.

**૩. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**તારાંકિત પ્રશ્નોના જવાબમાં વિસંગતતા હોવાનો મુદ્દો ઉપસ્થિત કરી અડધા કલાકની ચર્ચા બાબત**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ આજની તારાંકિત પ્રશ્નોત્તરીના અગ્રતા પ્રશ્નક્રમાંક–૨૦૦ તરફ સભાગૃહનું ધ્યાન દોરી અમદાવાદ અને અમરેલી જિલ્લામાં કાર્યરત જી.આઇ.ડી.સી.ની સંખ્યા અને ૨૦૧૮ના વર્ષની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્નોના જવાબમાં વિસંગતતા હોવાનું જણાવી આ બાબતે વિસ્તૃત ચર્ચા કરવા માટે વિધાનસભાના નિયમોના નિયમ–૯૨ અન્વયે અડધા કલાકની ચર્ચાની માગણી કરતાં, રાજ્યકક્ષાના સંસદીય બાબતોના માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ વિધાનસભાના નિયમોના નિયમ–૯૨ અન્વયે આ બાબત અપ્રસ્તુત હોઇ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કરવાનું જણાવતાં માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતે તેઓ પછીથી વિગતવાર રૂલીંગ આપશે તેવી જાહેરાત કરી.

**૪. પોઇન્ટ ઓફ ક્લેરીફિકેશન**

**વધુ કિંમતે ટેબ્લેટની ખરીદી બાબત**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી દ્વારા ગુરુવાર તા.૨૭–૨–૨૦૨૦ના રોજ ટેબ્લેટ ખૂબ જ ઉંચી કિંમતે ખરીદવા બાબતનો મુદ્દો ઉપસ્થિત કરવામાં આવેલ હતો. જેના અનુસંધાને માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા ગુરુવાર તા. ૨૭–૨–૨૦૨૦ના રોજ સભાગૃહમાં તેની વિગતવાર સ્પષ્ટતા કરતાં, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સભાગૃહને તેઓ આ બાબતે વિગતવાર સ્પષ્ટતા કરશે તેવું જણાવી આ બાબતની તપાસ કરવા માટે થોડોક સમય આપવાનું જણાવતાં,

માનનીય અધ્યક્ષશ્રીએ તેમને તપાસ કરવા માટે સમય આપવાનું ઠરાવ્યું હતું. જેને આજે ત્રણેક દિવસ જેટલો સમય પસાર થયેલ હોઇ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ અંગે હવે વિપક્ષના નેતાશ્રીએ સ્પષ્ટતા કરવી જોઇએ તેમ જણાવતાં, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ આજની બેઠકનું કામકાજ પૂર્ણ થાય તે પહેલાં તેઓ આ બાબતે વિગતવાર સ્પષ્ટતા કરશે તેમ જણાવ્યું.

**૫. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

સભ્યશ્રી જશપાલસિંહ પઢિયારે નિયમ-૧૧૬ અન્વયે ‘‘તાજેતરમાં વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં થયેલ ગંભીર અકસ્માતના કારણે લોકોમાં ફેલાયેલ ભય અને રોષની લાગણી દૂર કરવા’’ અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૬. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૨) ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૩) ગુજરાત હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયા**

(૪) ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૫) ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૧૭-૧૮ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૬) ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના સન ૨૦૧૩-૧૪ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૭) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક હિસાબ અને તપાસણી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૮) શિક્ષણ વિભાગના,

સન ૨૦૧૭ના ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ અન્વયેના,

(૧)તા.૦૭/૦૮/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસએચ/૫૯/ બીએમએસ/૧૧૧૭/

૮૩/એફઆરસી સેલ
(૨)તા.૧૪/૧૧/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસએચ/૧૦૩/એમએસબી/૧૧૧૭/
૮૩/એફઆરસી સેલ

તેમજ ઉક્ત બન્ને જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

(૯) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના,
સન ૨૦૦૩ના વીજળી અધિનિયમ અન્વયેના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના
(૧) તા.૧૬-૧-૨૦૨૦ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો) (બીજો સુધારો) વિનિયમો, ૨૦૨૦- જાહેરનામા ક્રમાંકઃ૧/૨૦૨૦
(૨) તા.૨૩-૧-૨૦૨૦ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (નેટ મીટરીંગ રૂફટોપ સોલર પી.વી. ગ્રિડ ઇન્ટરએકટિવ સિસ્ટમ) (બીજો સુધારો) વિનિયમો-૨૦૨૦- જાહેરનામા ક્રમાકઃ ૨/૨૦૨૦

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

**૭. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

શરૂઆતમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સન ૨૦૧૯-૨૦૨૦ના વર્ષ માટેની પૂરક માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩)ની સાથે વાંચતા અનુચ્છેદ ૨૦૫ અન્વયેની નામદાર રાજ્યપાલશ્રીએ વિધાનસભાને કરેલી સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૩૯, કૃષિ અને સહકાર વિભાગની કૃષિને લગતી સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૨, શિક્ષણ વિભાગની શિક્ષણને લગતી સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૯, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની વીજળી શક્તિ પરિયોજનાઓને લગતી સેવા અંગેની મહેસૂલી તથા મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૧૩ તથા વન અને પર્યાવરણ વિભાગની પર્યાવરણને લગતી સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૨૭ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે રજૂ કરી.

ત્યારબાદ પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭, માગણી ક્રમાંક-૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭, માગણી ક્રમાંક-૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૨૨, માગણી ક્રમાંક-૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩, ૨૪ અને ૨૫ તથા માગણી ક્રમાંક-૨૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

પૂરક માગણીઓ ઉપરની ચર્ચા શરૂ થવાના તબક્કે માનનીય અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૨) શ્રી કનુભાઇ દેસાઇ
(૩) ડો. અનિલ જોષીયારા
(૪) શ્રી વિનોદભાઇ મોરડીયા
(૫) ડો. સી.જે.ચાવડા
(૬) શ્રી જગદીશભાઇ પટેલ
(૭) શ્રી બળદેવજી ઠાકોર

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૮) શ્રી રાઘવજીભાઇ પટેલ
(૯) શ્રી અરવિંદ રાણા
(૧૦) શ્રી બ્રિજેશ મેરજા
(૧૧) શ્રી સુરેશભાઇ ધ.પટેલ
(૧૨) શ્રી વિવેક પટેલ
(૧૯) શ્રી વલ્લભભાઇ કાકડીયા
(૨૦) શ્રી નથાભાઇ પટેલ
(૨૧) શ્રીમતી માલતી મહેશ્વરી
(૨૨) શ્રી શશીકાન્ત પંડ્યા
(૨૩) શ્રી જીગ્નેશકુમાર સેવક

(૧૩) શ્રી કીરીટકુમાર પટેલ
(૧૪) શ્રી બાબુભાઇ પટેલ
(૧૫) શ્રી અરવિંદભાઇ છો.પટેલ
(૧૬) શ્રી પ્રતાપ દૂધાત
(૧૭) શ્રી બલરાજસિંહ ચૌહાણ
(૧૮) શ્રી મહેશકુમાર રાવલ
(૨૪) શ્રી રમેશભાઇ કટારા
(૨૫) શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર
(૨૬) શ્રી પરસોત્તમભાઇ સાબરીયા
(૨૭) શ્રી વી.ડી.ઝાલાવાડીયા
(૨૮) શ્રી પ્રવિણભાઇ મુસડીયા
(૨૯) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫ અને ૨૬ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૩૯, ૨, ૯, ૧૩ અને ૨૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, મંગળવાર, તા.૩જી માર્ચ ૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૦૨ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨જી માર્ચ , ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક-૬**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**મંગળવાર, તા. ૩જી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા. ૩જી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૯થી ૨૯૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. પોઇન્ટ ઓફ ક્લેરીફીકેશન**

**અગાઉ ઉપસ્થિત થયેલ ટેબ્લેટની ખરીદી બાબતના મુદ્દાની સ્પષ્ટતા બાબત**

માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ તા.૨૮-૨-૨૦૨૦ની તારાંકિત પ્રશ્નોત્તરીમાં ટેબ્લેટની ખરીદી ઉંચા ભાવે કરવામાં આવ્યા બાબતનો મુદ્દો ઉપસ્થિત કરતાં, માનનીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તેનો વિગતવાર ખુલાસો સભાગૃહમાં કરી, માનનીય વિપક્ષના નેતાને તેઓશ્રીએ આ બાબતે પુરાવા રજૂ કરવા જોઇએ અન્યથા તેમણે સભાગૃહમાં માફી માગવી જોઇએ તેવી રજૂઆત કરતાં, માનનીય વિપક્ષના નેતાએ આ બાબતે પુરાવા રજૂ કરવા માટે થોડોક સમય આપવાની વિનંતી કરતાં, તેમને સમય આપવામાં આવેલ હતો અને તેઓશ્રીએ સોમવારે સભાગૃહની બેઠક પૂર્ણ થાય તે પહેલાં તેઓ પુરાવા રજૂ કરશે તેમ જણાવેલ. પરંતુ તેઓશ્રીએ આજ તા.૩-૩-૨૦૨૦ના રોજ પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થયા બાદ પોતાની વાત રજૂ કરતાં, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ટેબ્લેટની મૂળ કિંમત વિશે જ વાત કરવી જોઇએ, બીજી બાબતોને આ મુદ્દા સાથે કોઇ અનુસંધાન નથી તેમ જણાવ્યું. જેને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પણ ટેકો આપી, માનનીય વિપક્ષના નેતાશ્રીને ટેબ્લેટની મૂળ કિંમત જ જણાવવાનો આગ્રહ રાખ્યો, જેને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પણ ટેકો આપતાં, સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી અમિતભાઇ ચાવડા તથા શ્રી પુંજાભાઇ વંશે વિપક્ષના નેતાશ્રીને પોતાના મુદ્દા રજૂ કરવા દેવાની વિનંતી કરતાં, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તેનો અસ્વીકાર કરી, તેઓએ ફક્ત ટેબ્લેટની મૂળ કિંમત બાબતની જ સ્પષ્ટતા કરવાનો આગ્રહ રાખતાં અને તેઓ સ્પષ્ટતા ન કરે તો તેમણે માફી માગવી જોઇએ અથવા તો સભાગૃહમાં તેમને ઠપકો આપવાની દરખાસ્ત કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય વિપક્ષના નેતાશ્રીને પોતાના મુદ્દા તેમને તથા માનનીય મંત્રીશ્રીને લેખિતમાં આપવાનું જણાવી તેઓ આ બાબત આવતી કાલે સભાગૃહમાં હાથ ધરશે તેમ જણાવ્યું.

**૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ નિયમ-૧૧૬ અન્વયે ‘‘તાજેતરમાં ખંભાત શહેરમાં થયેલા તોફાનોના કારણે લોકોમાં ફેલાયેલ ભય અને રોષની લાગણી દૂર કરવા’’ અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

માનનીય રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત કરવામાં આવેલ પ્રશ્નોના જવાબો આપ્યા.

**૪. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે ઉદ્યોગ અને ખાણ વિભાગની ઉદ્યોગને લગતી સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૪૯, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની શહેરી વિકાસને લગતી સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૧૦૨, માર્ગ અને મકાન વિભાગની માર્ગો અને પુલને લગતી સેવા અંગેની મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૮૬,

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૭૧ તથા મહેસૂલ વિભાગની કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૭૯ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧ અને ૨, માગણી ક્રમાંક–૧૦૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩ અને ૪, માગણી ક્રમાંક–૮૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૫, માગણી ક્રમાંક–૭૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૬, માગણી ક્રમાંક–૭૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૭ અને ૮ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

પૂરક માગણીઓ ઉપરની ચર્ચા શરૂ થવાના તબક્કે માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ–૨૩૪(૪) અન્વયે ગિલોટીન અંગેની જાહેરાત કરી અને ગિલોટીન માટેનો સમય સાંજના ૪.૦૦ વાગ્યાનો ઠરાવવામાં આવ્યો.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી હિંમતસિંહ પટેલ

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી અરવિંદકુમાર જી.પટેલ
(૩) શ્રી વિક્રમભાઇ માડમ
(૪) શ્રી અભેસિંહ તડવી
(૫) શ્રી ગુલાબસિંહ રાજપૂત
(૬) શ્રી સી.કે.રાઉલજી
(૭) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૮) શ્રી અજમલજી ઠાકોર
(૯) શ્રી રઘુભાઇ દેસાઇ
(૧૦) શ્રીમતી સીમાબેન મોહિલે
(૧૧) શ્રી મહેશભાઇ વસાવા

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંકઃ ૪૯, ૧૦૨, ૮૬, ૭૧ અને ૭૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**ગિલોટીન થયેલી માગણીઓ**

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૯–૨૦૨૦ના વર્ષની પૂરક માગણી ક્રમાંકઃ ૧, ૧૦, ૧૪, ૧૯, ૨૬, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૪૦, ૪૧, ૪૩, ૫૦, ૫૫, ૫૮, ૫૯, ૬૦, ૭૫, ૮૧, ૮૨, ૮૮, ૯૫, ૯૬, ૯૮, ૧૦૪, ૧૦૬ અને ૧૦૭ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બુધવાર, તા.૪થી માર્ચ ૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૦૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૩જી માર્ચ, ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૭**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**

**બુધવાર, તા. ૪થી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા. ૪થી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧ અને ૨ના મૌખિક જવાબો આપ્યા.

**૨. સભાત્યાગ**

માનનીય અધ્યક્ષશ્રીએ તારાંકિત પ્રશ્નોત્તરીની ચર્ચા વખતે સભાગૃહમાં સતત ખલેલ પહોંચતાં, હવે જો કોઇ સભ્યશ્રી ખલેલ પહોંચાડશે તો તેઓ આગળનો પ્રશ્ન મૂવ કરશે તેમ જાહેરાત કર્યાના થોડા સમય બાદ માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુ તારાંકિત પ્રશ્નોત્તરીના અગ્રતાક્રમ–૨ પરનો જવાબ આપી રહ્યા હતા ત્યારે માનનીય સભ્યશ્રી લલીતભાઇ કગથરાએ તાળીઓ પાડતાં, માનનીય અધ્યક્ષશ્રીએ નેક્સ્ટ પ્રશ્ન મૂવ કરતાં તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–૩ પરના પ્રભારી સભ્યશ્રી કાળાભાઇ ડાભીએ પોતાનો પ્રશ્ન મૂવ કર્યો તેના વિરોધમાં વિપક્ષના હાજર રહેલ તમામ સભ્યશ્રીઓએ પોતાની જગ્યા પર ઉભા થઇ સૂત્રોચ્ચાર શરૂ કર્યો, માનનીય સભ્યશ્રીના પેટા પ્રશ્નનો જવાબ માનનીય રા.ક.ના કૃષિ મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર આપી રહ્યા હતા ત્યારે સભાગૃહમાં સતત સૂત્રોચ્ચાર વચ્ચે, માનનીય અધ્યક્ષશ્રીએ નેક્સ્ટ પ્રશ્ન મૂવ કરતાં તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–૪ના પ્રભારી સભ્યશ્રીએ પોતાનો પ્રશ્ન મૂવ ન કરતાં વિપક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

**૩. તારાંકિત પ્રશ્નોત્તરી (ક્રમશઃ)**

ત્યારબાદ તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–૫, ૬, ૯, ૧૦ અને ૧૧ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–૪ તથા ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતા ક્રમાંક– ૭ અને ૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા તારાંકિત પ્રશ્નો અગ્રતાક્રમ ૧૨થી ૩૪૯ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૪. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**ટેબ્લેટની ખરીદી અંગેના આક્ષેપ અંગે ઠપકાની દરખાસ્ત**

રાજ્યકક્ષાના સંસદીય બાબતોના માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તા.૨૭મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજની બીજી બેઠકની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન ક્રમાંક ૨૩૭૩૩(અગ્રતા ક્રમ–૧૧)ની ચર્ચા દરમિયાન માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ ટેબ્લેટની ખરીદીમાં રૂ.૧૬૪.૦૦ કરોડની ગેરરીતિ થવા અંગેનો મુદ્દો ઉપસ્થિત કરતાં, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આ બાબતે તેમને પુરાવા આપવાનું જણાવેલ. ત્યારબાદ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ટેબ્લેટની ખરીદીની બાબતે લંબાણપૂર્વક સ્પષ્ટતા કરી, માનનીય વિપક્ષના નેતાશ્રીને તેમના આક્ષેપ અંગે જરૂરી પુરાવા આપવાનું જણાવતાં, માનનીય વિપક્ષના નેતાએ પુરાવા આપવા માટે થોડોક સમય આપવાની માગણી કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તેમને પુરાવા રજૂ કરવા માટે સમય આપેલ હતો. પરંતુ ત્યારબાદ તા.૨–૩–૨૦૨૦ના રોજ માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા બાદ આ મુદ્દો ઉપસ્થિત કરી, માનનીય વિપક્ષના નેતાશ્રીને જરૂરી પુરાવા રજૂ કરવાનું જણાવતાં, તેમણે આજની બેઠક પૂરી થાય તે પહેલાં જરૂરી પુરાવા રજૂ કરશે તેમ જણાવતાં, માનનીય મુખ્યમંત્રીશ્રીએ સંમતિ આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તે પ્રમાણે ઠરાવ્યું. ત્યારબાદ તા.૩–૩–૨૦૨૦ના રોજ તારાંકિત પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા બાદ માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીને જરૂરી પુરાવા રજૂ કરવાનું જણાવતાં, માનનીય વિપક્ષના નેતાશ્રીએ ટેબ્લેટની ખરીદીને સંબંધ ન હોય તેવી વિગતો સભાગૃહમાં રજૂ કરતાં, માનનીય

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ માનનીય વિપક્ષના નેતાને ટેબ્લેટની ખરીદી બરાબર ન હોય તો તેમણે તે જ બાબતના પુરાવા રજૂ કરવા જોઇએ અન્યથા તેમણે સભાગૃહની માફી માગવી જોઇએ કાં તો માનનીય અધ્યક્ષશ્રી તરફથી તેમને આ બાબતે ઠપકો આપવો જોઇએ તેવી રજૂઆત કરતાં, માનનીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ માનનીય વિપક્ષના નેતાશ્રીને ઠપકો આપવાની દરખાસ્ત મૂકતાં, માનનીય પ્રદિપસિંહ જાડેજાએ તેને ટેકો આપતાં, માનનીય વિપક્ષના નેતાશ્રીએ ટેબ્લેટની ખરીદી અંગેના થોડાક પેપર્સ માનનીય અધ્યક્ષશ્રીને અને માનનીય મુખ્યમંત્રીશ્રી તથા માનનીય મંત્રીશ્રીને આપ્યા હતા. પરંતુ તે પુરાવા માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય મંત્રીશ્રી અને માનનીય અધ્યક્ષશ્રીને અપૂરતા જણાતાં તેમને વધુ પુરાવા રજૂ કરવાનું જણાવતાં માનનીય વિપક્ષના નેતાશ્રીએ તેમને પુરાવા રજૂ કરવા માટે થોડોક વધુ સમય આપવાની માગણી કરતાં, માનનીય મુખ્યમંત્રીશ્રીએ તેમને સમય આપવાની વાત સ્વીકારતાં માનનીય અધ્યક્ષશ્રીએ તેમને પુરાવા રજૂ કરવા માટે વધુ એક તક આપી હતી. ત્યારબાદ તા.૪-૩-૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થયા બાદ રાજ્યકક્ષાના સંસદીય બાબતોના માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીને ઠપકો આપવાની દરખાસ્તનો નિર્ણય કરવા બાબતનો મુદ્દો ઉપસ્થિત કરતાં, માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર તથા સભ્યશ્રી પુંજાભાઇ વંશે આજે માનનીય વિપક્ષના નેતાશ્રી હાજર ન હોઇ, તેમને ખુલાસો કરવાની તક આપવાની રજૂઆત કરતાં, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ તેનો વિરોધ કરી માનનીય વિપક્ષના નેતાશ્રીને ઠપકો આપવાની દરખાસ્ત રજૂ કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીને ઠપકો આપવાની દરખાસ્તનો સ્વીકાર કરી માનનીય વિપક્ષના નેતાશ્રીને આધાર પૂરાવા વગરનો આક્ષેપ કરવા બદલ ઠપકો આપ્યો.

**૨. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી રાઘવજીભાઇ પટેલે સમિતિનો છઠ્ઠો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

**૩. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી રાઘવજીભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

‘‘આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે સંમત થાય.’’

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૪. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)**

તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સન ૨૦૨૦-૨૦૨૧ના અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલા માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અવકાશ અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી પૂર્ણેશ મોદી
(૩) ડો.નીમાબેન આચાર્ય
(૪) શ્રી વિક્રમભાઇ માડમ
(૫) શ્રી રમણભાઇ પટેલ
(૬) શ્રી સુખરામભાઇ રાઠવા
(૭) શ્રી કનુભાઇ દેસાઇ
(૮) શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા
(૯) શ્રી જીજ્ઞેશકુમાર મેવાણી

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૦) શ્રી રાઘવભાઇ મકવાણા
(૧૧) શ્રી અનંતકુમાર પટેલ
(૧૨) શ્રી રાઘવજીભાઇ પટેલ
(૧૩) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા
(૨૦) શ્રી શીવાભાઇ ભુરીયા
(૨૧) શ્રી શંભુજી ઠાકોર
(૨૨) શ્રી કેતનભાઇ ઇનામદાર
(૨૩) શ્રી લલીતભાઇ કગથરા

(૧૪) શ્રી બાબુભાઇ બોખીરીયા
(૧૫) શ્રી મંગળભાઇ ગાવિત
(૧૬) શ્રી બલરાજસિંહ ચૌહાણ
(૧૭) શ્રી ભરતજી ઠાકોર
(૧૮) શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા
(૧૯) શ્રી પ્રવિણભાઇ મુસડીયા
(૨૪) શ્રી નરેશભાઇ પટેલ
(૨૫) શ્રી મોહનલાલ વાળા
(૨૬) શ્રી પ્રદિપભાઇ પરમાર
(૨૭) શ્રી બાબુભાઇ વાજા
(૨૮) શ્રી ગણપતસિંહ વસાવા (આદિજાતિ વિકાસ અને વન મંત્રીશ્રી

**સભાગૃહ, ગુરુવાર, તા.૫મી માર્ચ ૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૫૭ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૪થી માર્ચ, ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૮**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**ગુરુવાર, તા. ૫મી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા. ૫મી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૨, ૩, ૬, ૭, ૯, ૧૦, ૧૧ અને ૧૨ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્નોના અગ્રતાક્રમ–૪, ૫ અને ૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા તારાંકિત પ્રશ્નો અગ્રતાક્રમ ૧૩થી ૩૨૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

**સભ્યશ્રી દ્વારા તેમના પ્રવચનનું વિડિયો રેકોર્ડીંગ કરી વાયરલ કરવા બાબત**

માનનીય સભ્યશ્રી કુબેરભાઇ ડીંડોરે, સભ્યશ્રી અનંતકુમાર પટેલે તેમના પ્રવચનનું વિડિયો રેકોર્ડીંગ કરાવીને વાઇરલ કરવા સંબંધી પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશનનો મુદ્દો ઉપસ્થિત કરતાં, રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરી સિવાય વિધાનસભાગૃહની કાર્યવાહીનું વિડિયો રેકોર્ડીંગ કરી શકાતું નથી, તેમ જણાવી જો કોઇ સભ્ય કે ચેનલ તેને પ્રસારીત કરે તો ગૃહનો વિશેષાધિકાર ભંગ અને અવમાન થાય છે. આ બાબતે અગાઉ પણ આ પ્રકારની ઘટનાઓ બની છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રીએ તેને અટકાવવા પગલાં લેવાની રજૂઆત કરતાં, માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ લોકસભા અને રાજ્યસભાનું લાઇવ પ્રસારણ થઇ રહ્યું હોવાની વાત જણાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ આ ઘટના સાથે તેને કોઇ સંબંધ ન હોવાનું જણાવી, માનનીય સભ્યશ્રી કુબેરભાઇ ડીંડોરને આ ઘટના સંબંધિત લેખિત પુરાવા રજૂ કરવા જણાવ્યું.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૨) ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

(૩) ગુજરાત ઘેટા અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પશુપાલન મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૪) ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો,

ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૫) ગુજરાત રેલ ઇન્ફ્રાસ્ટ્રકચર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૬) ગુજરાત રાજય અન્ન આયોગનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજયકક્ષાના અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા**

(૭) ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના સન ૨૦૧૮–૧૯ ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૮) નાણાં વિભાગના સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા કર અધિનિયમ તથા ગુજરાત માલ અને સેવા કર નિયમો અન્વયેના આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબના કુલ–૧૮ જાહેરનામા તેમજ આ જાહેરનામા પૈકી ક્રમાંક ૧ થી ૮ ઉપરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

| No | Notification No. | Date |
|---|---|---|
| 1 | (GHN-88)GST-2019/S.11(1)(50)-TH | 30-09-2019 |
| 2 | (GHN-90)GST-2019/S.9(3)(13)-TH | 30-09-2019 |
| 3 | (GHN-94)GSTR-2019/S.164(47)-TH | 30-09-2019 |
| 4 | (GHN-107)GST-2019/S.148(24)-TH | 25-10-2019 |
| 5 | (GHN-110)GST-2019/R-123(4)-TH | 13-11-2019 |
| 6 | (GHN-112)GST-2019/S.172(14)-TH | 16-11-2019 |
| 7 | (GHN-113)GST-2019/S.11(3)(3)-TH | 22-11-2019 |
| 8 | (GHN-115)GST-2019/S.172(15)-TH | 05-12-2019 |
| 9 | (GHN-119)GST-2019/R.48(4)(1)-TH | 17-12-2019 |
| 10 | (GHN-120)GST-2019/R.46(1)-TH | 17-12-2019 |
| 11 | (GHN-123)GSTR-2019/S.164(50)-TH | 17-12-2019 |
| 12 | (GHN-125)GST-2019/S.128(17)-TH | 27-12-2019 |
| 13 | (GHN-126)GSTR-2019/S.164(51)-TH | 27-12-2019 |
| 14 | (GHN-127)GST-2019/S.172(16)-TH | 27-12-2019 |
| 15 | (GHN-128)GST-2019/S.9(1)(30)-TH | 31-12-2019 |
| 16 | (GHN-129)GST-2019/S.9(3)(15)-TH | 31-12-2019 |
| 17 | (GHN-1)GST-2020/S.1(10)-TH | 01-01-2020 |
| 18 | (GHN-10)GST-2020/S.96(2)-TH | 30-01-2020 |

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

## ૪. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

ઉપર્યુક્ત વિષય પર તા.૪થી માર્ચ ૨૦૨૦ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી, નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. અનિલ જોષીયારા
(૨) શ્રી સી.કે.રાઉલજી
(૩) શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર
(૪) શ્રીમતી સીમાબેન મોહીલે
(૫) શ્રી કનુભાઇ બારૈયા
(૬) શ્રી રમેશભાઇ કટારા
(૭) શ્રી રઘુભાઇ દેસાઇ
(૮) શ્રી જશુભાઇ પટેલ
(૯) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૧૦) શ્રી અમરીષભાઇ ડેર

## ૫. માનનીય અધ્યક્ષશ્રીનું અવલોકન

**અધિકારીશ્રીઓએ સભ્યશ્રીઓની રજૂઆતો અને સૂચનોની નોંધ કરવા બાબત.**

માનનીય સભ્યશ્રીઓ પોતાના પ્રવચનમાં તેમના મત વિસ્તારની રજૂઆતો અને લોકોપયોગી

સૂચનો કરતા હોય છે, જેની અધિકારીશ્રીઓએ નોંધી લેવાની હોય છે. કેટલાક અધિકારીઓ નોંધે છે. સભ્યશ્રીઓને તેમના પિજીયન બોક્ષમાં તેમના પ્રવચનની નકલ મળતી હોય છે જે તેમણે અધિકારીશ્રીઓને આપવી જોઇએ અને અધિકારીશ્રીઓએ તે મેળવી લેવી જોઇએ, તેવું માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૬. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ચર્ચામાં ભાગ લીધો.

**વિરામ બપોરના ૨.૩૧ થી ૩.૦૦**

**૭. બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી સંકલ્પો**

(૧) સભ્યશ્રી પ્રવિણભાઇ ઘોઘારીએ, ‘‘ જળ સંચય અભિયાન અંતર્ગત છેવાડાના માનવી સુધી નલ સે જલ તક અભિયાનને સમય મર્યાદામાં પૂર્ણ કરવા’’ અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી લલીતભાઇ કગથરા
(૨) ડો.આશાબેન પટેલ
(૩) ડો.અનિલ જોષીયારા
(૪) શ્રીમતી માલતી મહેશ્વરી
(૫) શ્રી ઋત્વિકભાઇ મકવાણા
(૬) શ્રી કુંવરજીભાઇ બાવળીયા(પાણી પુરવઠા મંત્રીશ્રી

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

(૨) સભ્યશ્રી અરવિંદ પટેલે, ‘‘ વિશ્વાસ પ્રોજેક્ટથી ગુનાઓની ઝડપી તપાસ, ગુના અટકાવવા, ટ્રાફિક નિયમન વગેરે બાબતોની સુવિધા પ્રાપ્ત થવાની હોવાથી પ્રજાજનોમાં યોગ્ય પ્રચાર અને પ્રસાર થાય તેવું આયોજન કરવા’’ અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૨) શ્રી હર્ષ સંઘવી
(૩) શ્રી લલીત વસોયા
(૪) શ્રી રમણભાઇ પટેલ
(૫) ડો.કીરીટકુમાર પટેલ
(૬) શ્રી બળદેવજી ઠાકોર
(૭) શ્રી પ્રદિપસિંહ જાડેજા (રા.ક.ના ગૃહ મંત્રીશ્રી)

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, શુક્રવાર, તા. ૬ઠ્ઠી માર્ચ ૨૦૨૦ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૫૯ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૫મી માર્ચ , ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૯**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**શુક્રવાર, તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૮ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૭ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા તારાંકિત પ્રશ્નો અગ્રતાક્રમ ૯થી ૨૯૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. નાયબ મુખ્યમંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)**

**આંગણવાડી કાર્યકરો અને તેડાગરોના માનદ્ વેતનમાં વધારો કરવા બાબત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે રાજ્યની આંગણવાડીઓમાં કામગીરી કરતા આંગણવાડી કાર્યકરો અને તેડાગરોના માનદ્ વેતનમાં વધારો કરવા સંબંધમાં નિયમ–૪૪ હેઠળનું નિવેદન વાંચીને કર્યું.

**૩. સરકારી વિધેયક**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨, સન ૨૦૨૦નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

**માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, આજ રોજ પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત સન ૨૦૨૦–૨૦૨૧ના વર્ષના અંદાજપત્ર પરની ત્રીજા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ ધરવામાં આવનાર હોઇ, અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાને વધુ સમય મળે તે હેતુથી નિયમ ૨૩૯ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ નિયમ–૨૩૮(૩)માં છૂટછાટ મૂકી, પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચા માટે ચાર સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા છે, તેમને પાંચ–પાંચ મિનિટનો સમય ફાળવવા તથા તે પૂર્ણ થયે વિનિયોગ વિધેયકને મતદાન ઉપર મૂકવા અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પુંજાભાઇ વંશ
(૨) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૩) ડો. અનિલ જોષીયારા
(૪) શ્રી મહેશભાઇ વસાવા

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૪. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

ઉપર્યુક્ત વિષય પર તા.૫મી માર્ચ ૨૦૨૦ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી, નીચેના

સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો.સી.જે.ચાવડા (પ્રવચન અધૂરું)

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

**૫. સભાગૃહનો સમય લંબાવવા બાબત.**

વિરામ બાદ માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ સભાગૃહનો સમય લંબાવવા બાબતની દરખાસ્ત કરતાં, સભાગૃહની અનુમતીથી માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય લંબાવવાની જાહેરાત કરી.

**૬. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)(ક્રમશઃ)**

વિરામ બાદ સભ્યશ્રી ડો.સી.જે.ચાવડાએ વિરામ પહેલાનું તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યું અને નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી જેઠાભાઇ ભરવાડ
(૩) શ્રી વી.ડી.ઝાલાવાડીયા
(૪) શ્રી બ્રિજેશ મેરજા
(૫) શ્રી જગદીશભાઇ પટેલ
(૬) શ્રી પુનમભાઇ પરમાર
(૭) શ્રી અભેસિંહ તડવી
(૮) શ્રી હર્ષદકુમાર રીબડીયા
(૯) શ્રી અરવિંદ છો. પટેલ
(૧૦) શ્રી પ્રવિણભાઇ મારૂ
(૧૧) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૧૨) શ્રી ગુલાબસિંહ રાજપૂત
(૧૩) શ્રી મહેશકુમાર રાવલ
(૧૪) શ્રી જશપાલસિંહ પઢિયાર
(૧૫) શ્રી લાખાભાઇ સાગઠીયા
(૧૬) શ્રી જે.વી.કાકડીયા
(૧૭) શ્રી પરસોત્તમભાઇ સાબરીયા
(૧૮) શ્રી સૌરભભાઇ પટેલ (ઊર્જા મંત્રીશ્રી)

**સભાગૃહ, બુધવાર, તા. ૧૧મી માર્ચ ૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૨.૪૨ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૬ઠ્ઠી માર્ચ , ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૧૦**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**બુધવાર, તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા તારાંકિત પ્રશ્નો અગ્રતાક્રમ ૯થી ૩૩૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. પોઈન્ટ ઓફ ઓર્ડર**

**ટાડા કાયદો રદ કરવા બાબતે પૂરાવા રજૂ કરવા અંગે**

માનનીય સભ્યશ્રી અમિતભાઇ ચાવડાએ રાજ્યકક્ષાના માનનીય ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા દ્વારા આજની પ્રશ્નોત્તરીના પેટા પ્રશ્નોના જવાબ દરમિયાન શ્રીમતી સોનિયા ગાંધીના ઈશારે ટાડા કાયદો રદ કરવામાં આવ્યો હોવા બાબતનો ઉલ્લેખ કરેલ. જે સંબંધમાં માનનીય મંત્રીશ્રીએ પૂરાવા રજૂ કરવા જોઇએ અથવા તો સભાગૃહની માફી માગવા બાબતે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડરને ધ્યાને લઇ મંત્રીશ્રીને પુરાવા રજૂ કરવા જણાવ્યું.

**૩. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

(૧) તા.૦૨–૦૩–૨૦૨૦ના રોજ રાજ્યકક્ષાના માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સભ્યશ્રીઓ દ્વારા બે કે તેથી વધુ તારાંકિત પ્રશ્નોના જવાબો ક્લબ કરીને પેટા પ્રશ્નો પૂછવા બાબતે ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડર માનનીય અધ્યક્ષશ્રીએ નામંજૂર કરવા બાબતના નિર્ણયની વાંચીને જાહેરાત કરી.

(૨) તા.૦૨–૦૩–૨૦૨૦ના રોજ વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ તારાંકિત પ્રશ્નોના જવાબોમાં વિસંગતતા બાબતે વિધાનસભાના નિયમોના નિયમ–૯૨ અન્વયે અડધા કલાકની ચર્ચાની માગણી કરેલ હતી. જે બાબતે માનનીય અધ્યક્ષશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડર ક્યારે ઉઠાવી શકાય તે બાબતે સભાગૃહને વિશદ્ માર્ગદર્શન આપી, માનનીય વિપક્ષના નેતાશ્રીનો પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરવાના નિર્ણયની વાંચીને જાહેરાત કરી. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડર બાબતના માનનીય અધ્યક્ષશ્રીના ખૂબ જ ઉંડાણપૂર્વકના કરેલ અભ્યાસનો ઉલ્લેખ કરી, સભાગૃહના સભ્યશ્રીઓને માર્ગદર્શન આપવા બદલ માનનીય અધ્યક્ષશ્રીનો આભાર માન્યો તથા માનનીય અધ્યક્ષશ્રીએ ઉપર આપેલા બન્ને પોઇન્ટ ઓફ ઓર્ડરના નિર્ણયની નકલો સર્વે માનનીય સભ્યશ્રીઓની જાણ માટે તેમના પિજીયન બોક્સમાં મૂકવાની જાહેરાત કરી.

**૪. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી નૌશાદ સોલંકીએ નિયમ–૧૧૬ અન્વયે ‘‘તાજેતરમાં વિશ્વભરમાં ફેલાઇ રહેલા કોરોના વાયરસથી લોકોમાં ચિંતા અને ભય ફેલાઇ રહ્યો છે. જેના દસેક શંકાસ્પદ કેસો ગુજરાતમાં પણ જોવા મળ્યા છે ત્યારે આપણા રાજ્યમાં આ કોરોના વાયરસ ન ફેલાય તે બાબત’’ અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ)નું ધ્યાન દોર્યું.

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૫. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી રાઘવજીભાઇ પટેલે સમિતિનો સાતમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

**૬. બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી રાઘવજીભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

‘‘આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય.’’

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૭. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)**

ઉપર્યુક્ત વિષય પર તા.૬ઠ્ઠી માર્ચ ૨૦૨૦ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી, નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી બળદેવજી ઠાકોર
(૨) શ્રી વિવેક પટેલ
(૩) શ્રી પુંજાભાઇ વંશ
(૪) શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ
(૫) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૬) શ્રી કેસરીસિંહ સોલંકી
(૭) શ્રી ભગવાનભાઇ બારડ
(૮) શ્રીમતી ઝંખનાબેન પટેલ(પ્રવચન અધૂરું)

**વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦**

વિરામ બાદ શ્રીમતી ઝંખનાબેન પટેલે પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યું. ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૯) શ્રી લાખાભાઇ ભરવાડ
(૧૦) શ્રી વિનોદભાઇ મોરડીયા
(૧૧) શ્રી કાંતિભાઇ સોઢાપરમાર
(૧૨) શ્રી મુકેશભાઇ પટેલ
(૧૩) શ્રી પ્રતાપ દૂધાત
(૧૪) શ્રી અરવિંદ રાણા
(૧૫) શ્રી ધનજીભાઇ પટેલ
(૧૬) શ્રીમતી સુમનબેન ચૌહાણ
(૧૭) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૧૮) શ્રી ગોવિંદભાઇ પરમાર
(૧૯) શ્રી જીગ્નેશકુમાર સેવક
(૨૦) શ્રી અજમલજી ઠાકોર
(૨૧) શ્રી કિશોરસિંહ ચૌહાણ
(૨૨) શ્રી અક્ષયકુમાર પટેલ
(૨૩) શ્રી પ્રવિણભાઇ ઘોઘારી
(૨૪) શ્રી સંજયભાઇ સોલંકી
(૨૫) શ્રી દેવાભાઇ માલમ
(૨૬) શ્રી પરેશ ધાનાણી (વિપક્ષના નેતાશ્રી)(પ્રવચન અધૂરું)

**૮. સભાગૃહનો સમય લંબાવવા અંગે**

સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે માનનીય વિપક્ષના નેતાશ્રીના પ્રવચનને વધુ સમય ફાળવવા માટે સભાગૃહનો સમય વધારવા અંગેની દરખાસ્ત કરતાં, મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ સંમતિ આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય લંબાવ્યો.

**૯. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય વિપક્ષના નેતાશ્રીએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.

અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

**૧૦. નિયમ ૯૨ અન્વયે અરધા કલાકની ચર્ચા**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે તા.૨૬મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૩૨૨૧(અગ્રતાક્રમ-૩૩) ગાંધીનગર અને ગીર સોમનાથ જિલ્લામાં ખેતીના પાકોમાં થયેલ નુકસાન અંગેના માનનીય કૃષિ મંત્રીશ્રીએ આપેલા લેખિત જવાબ ઉપરથી ઉપસ્થિત કરેલી જાહેર અગત્યની બાબત ઉપર અરધા કલાકની ચર્ચાનો મુદ્દો ઉપસ્થિત કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

ઉપસ્થિત કરેલ મુદ્દાઓના અન્ય સભ્યશ્રીઓએ પૂછેલા પ્રશ્નોના જવાબો માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુએ આપ્યા.

**૧૧. માનનીય અધ્યક્ષશ્રીની ટકોર**

**સભ્યશ્રીઓએ પૂછેલા પ્રશ્નોના જ યોગ્ય જવાબ આપવા બાબત.**

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીઓ દ્વારા જે પ્રશ્નો પૂછવામાં આવે છે તેના જ વિભાગોએ ગંભીરતાપૂર્વક યોગ્ય જવાબ આપવા જોઇએ. જો તેમ કરવામાં નહીં આવે તો આ બાબતે જે તે વિભાગના અધિકારીને જવાબદાર ગણીને વિશેષાધિકાર ભંગની કાર્યવાહી કરવી જોઇએ કે કેમ તે અંગે તેઓશ્રી ગંભીરતાપૂર્વક વિચારશે તેમ જણાવ્યું.

**સભાગૃહ, ગુરુવાર, તા. ૧૨મી માર્ચ ૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૪૨ વાગ્યે મુલતવી રહ્યું.**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**તા. ૧૧મી માર્ચ , ૨૦૨૦**

**ક્રમાંક-૧૧**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**ગુરુવાર, તા. ૧૨મી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા.૧૨મી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ-૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા તારાંકિત પ્રશ્નો અગ્રતાક્રમ ૧૦થી ૨૩૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રી મહેશકુમાર રાવલે સમિતિનો ચોથો અને પાંચમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

**૩. સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રી મહેશકુમાર રાવલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના ચોથા અને પાંચમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૨૦-૨૦૨૧ના વર્ષ માટેના અંદાજપત્રની માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અન્વયેની નામદાર રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૨, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૩ તથા જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૪ રાજ્ય કક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક- ૪૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬ અને ૨૮, માગણી ક્રમાંક-૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦ અને ૫૨ તથા માગણી ક્રમાંક-૪૪ પરની કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૮ અને ૫૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) શ્રી શૈલેષ પરમાર | (૪) શ્રી હર્ષ સંઘવી |
| (૨) શ્રી જેઠાભાઇ આહિર(ભરવાડ) | (૫) શ્રી લલીત કગથરા |
| (૩) શ્રી પુંજાભાઇ વંશ | (૬) ડો. અનિલ જોષીયારા |

ત્યારબાદ રાજ્ય કક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ચર્ચાનો જવાબ આપ્યો. (પ્રવચન અધૂરું)

**૫. સભાગૃહનો સમય લંબાવવા અંગે**

રાજ્ય કક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા ત્યારે સભાગૃહનો વિરામનો સમય થવા આવતાં, માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ માગણીઓ પરની

ચર્ચા અને મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાની દરખાસ્ત કરતાં, સભાગૃહની અનુમતીથી માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય લંબાવ્યો.

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૮ અને ૫૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૪૨, ૪૩ અને ૪૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**(વિરામ બપોરના ૨.૩૧થી ૩.૦૦)**

**૭. બિન સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

**પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો**

**૧.** સભ્યશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૧૮નું ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો.કીરીટકુમાર પટેલ
(૨) શ્રી વલ્લભભાઇ કાકડીયા
(૩) શ્રી બ્રિજેશ મેરજા
(૪) શ્રી પરેશ ધાનાણી (વિપક્ષના નેતાશ્રી)

ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

**૨.** સભ્યશ્રી નૌશાદ સોલંકીએ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૨–સન ૨૦૧૮નું ગુજરાત અનુસૂચિત જાતિ પેટા–યોજના અને આદિજાતિ પેટા–યોજના (નાણાકીય સાધનોના આયોજન, ફાળવણી અને ઉપયોગ) બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી હિતુ કનોડીયા
(૨) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા
(૩) શ્રી જીગ્નેશકુમાર મેવાણી
(૪) શ્રી નરેશભાઇ પટેલ

ચર્ચાનો જવાબ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઇ પરમારે આપ્યો.

ત્યારબાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

**૮. સભાત્યાગ**

સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૨–સન ૨૦૧૮નું ગુજરાત અનુસૂચિત જાતિ પેટા–યોજના અને આદિજાતિ પેટા–યોજના (નાણાકીય સાધનોના આયોજન, ફાળવણી અને ઉપયોગ) બાબત વિધેયકનો સભાગૃહ દ્વારા અસ્વીકાર થતાં, શ્રી ઇમરાન ખેડાવાલા સિવાયના વિપક્ષના સભાગૃહમાં હાજર રહેલ તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.

**૯. બિન સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો (ક્રમશઃ)**

**૩.** સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૪–સન ૨૦૧૮નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ (રદ કરવા) બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૨) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૩) શ્રી પૂર્ણેશ મોદી

ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, શુક્રવાર, તા. ૧૩મી માર્ચ ૨૦૨૦ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૫૯ વાગ્યે મુલતવી રહ્યું.**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૨મી માર્ચ , ૨૦૨૦**

**ક્રમાંક-૧૨**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**

**શુક્રવાર, તા. ૧૩મી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા.૧૩મી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ-૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો તારાંકિત પ્રશ્ન અગ્રતા ક્રમ-૧ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા તારાંકિત પ્રશ્નો અગ્રતાક્રમ ૧૦થી ૨૩૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૨) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૩) ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર**

(૪) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર**

(૫) ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્ય કક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે**

**૩. વિરામનો સમય વધારવા અંગે**

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ આજે રાજ્યસભાના ઉમેદવારોના ફોર્મ ભરવાના હોવાથી વિરામનો સમય બપોરના ૧૨.૦૦થી ૧.૦૦ સુધી રાખવાની દરખાસ્ત કરતાં, વિપક્ષના દંડકશ્રી અશ્વિનભાઇ કોટવાલે સંમતિ આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તે મુજબ વિરામનો સમય વધારવાની જાહેરાત કરી.

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો (ક્રમશઃ)**

(૬) ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ,

હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય નાયબ મુખ્યમંત્રીવતી શ્રી આર.સી.ફળદુ**

(૭) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સન ૨૦૧૮-૧૯ના વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબ

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૮) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના, સન ૨૦૧૪ના માર્ગ વિક્રેતા (આજીવિકા સંરક્ષણ અને માર્ગ વેચાણનું વિનિયમન) અધિનિયમ અન્વયેના, તા.૧૦-૧૨-૨૦૧૮ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એચ/૨૦૧૮નો ૧૭૭/ એનએલએમ/૧૦૨૦૧૬/૩૦૮/એચ, તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીવતી શ્રી આર.સી.ફળદુ**

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)**

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૮૯ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, ક્લાઇમેટ ચેન્જ વિભાગને લગતી સેવા અંગેની ક્લાઇમેટ ચેન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૦૭ ક્લાઇમેટ ચેન્જ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૫૪ માહિતી અને પ્રસારણ વિભાગના માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯ તથા શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૦ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૨, ૪, ૫ અને ૬, માગણી ક્રમાંક-૧૦૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૭, ૮, ૯, ૧૦ અને ૧૧, માગણી ક્રમાંક-૫૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬, માગણી ક્રમાંક-૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧ અને ૫૨ તથા માગણી ક્રમાંક-૧૦ પરની કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. કીરીટકુમાર પટેલ
(૨) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૩) શ્રી વિક્રમભાઇ માડમ
(૪) શ્રી રાકેશભાઇ શાહ
(૫) ડો. સી.જે.ચાવડા
(૬) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૭) શ્રી અરવિંદ છો.પટેલ

**વિરામ બપોરના ૧૨.૦૦થી ૦૧.૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૮) શ્રી બ્રિજેશ મેરજા
(૯) શ્રી રાઘવભાઇ મકવાણા
(૧૦) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા
(૧૧) ડો.આશાબેન પટેલ
(૧૨) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૧૩) શ્રીમતી મનિષા વકીલ
(૧૪) શ્રી ગુલાબસિંહ રાજપૂત
(૧૫) શ્રી કનુભાઇ દેસાઇ
(૧૬) શ્રી અનંતભાઇ પટેલ
(૧૭) શ્રી કુબેરભાઇ ડીંડોર
(૧૮) શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર
(૧૯) શ્રી રાજેશભાઇ ગોહીલ
(૨૦) શ્રી જશુભાઇ પટેલ

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક- ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪,

૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨ અને ૫૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૮૯, ૧૦૭, ૫૪, ૯ અને ૧૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, સોમવાર, તા. ૧૬મી માર્ચ ૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૨.૫૭ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૩મી માર્ચ , ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૧૩**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**સોમવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

સોમવાર, તા.૧૬મી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ ૨ ને અતારાંકિત ગણવામાં આવ્યો.

રાજીનામા આપેલ સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતા ક્રમ–૧, ૧૦, ૬૬, ૯૯, ૧૪૧, ૧૯૭, ૨૨૫, ૨૬૨, ૨૯૨ અને ૩૦૮ રદ કરવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૦થી ૩૩૦ (પૈકી રદ થયા સિવાયના)ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ–૧૧૬) પ્રાઈવેટ ગોડાઉનમાંથી એફસી.આઈ.ના માર્કાવાળો અનાજનો જથ્થો મળી આવવાની બાબત –પ્રભારી સભ્યશ્રીઓ ગેરહાજર હોવાથી સૂચના હાથ ધરાઇ શકી નહીં.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળ**

નીચેનો કાગળ તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂક્યો.

ચૌદમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં તા.૨૩–૦૨–૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી નિરંજન પટેલના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૭૧૮(અગ્રતા ક્રમ–૧૧), તા.૨૬–૦૩–૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી રાજેન્દ્રસિંહ પરમારના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૯૫૧૧(અગ્રતા ક્રમ–૯૮) અને ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૨૭–૦૨–૨૦૨૦(બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી કાંતિભાઇ સોઢાપરમારના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૨૩૬૮૯(અગ્રતા ક્રમ–૭૪)ના અપાયેલ લેખિત જવાબોમાં સુધારા કરતું નિવેદન

**માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

**૪. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**માનનીય સભ્યશ્રીઓના રાજીનામા બાબત**

માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાના (૧) ૧૦૬–ગઢડાના ધારાસભ્યશ્રી પ્રવિણભાઇ ટીડાભાઇ મારૂ, (૨) ૧–અબડાસાના ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા, (૩) ૯૪–ધારીના ધારાસભ્યશ્રી જે.વી.કાકડીયા, (૪) ૬૧– લીંબડીના ધારાસભ્યશ્રી સોમાભાઇ ગાંડાલાલ કોળી પટેલે તા.૧૪–૦૩–૨૦૨૦ તથા (૫)૧૭૩–ડાંગના ધારાસભ્યશ્રી મંગળભાઇ ગંગાજીભાઇ ગાવિતના તા.૧૫–૦૩–૨૦૨૦ના ધારાસભ્યપદેથી આપેલા રાજીનામાની જાહેરાત કરી.

**૫. માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો**

**કોરોના વાયરસના કારણે સભાગૃહની બેઠક તા.૨૯–૦૩–૨૦૨૦ સુધી મુલતવી રાખવા અંગે**

સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોરોના વાયરસના ફેલાવાને મહામારી સાથે સરખાવી તેનાથી બચવા માટેની એડવાઇઝરી જાહેર કરેલ છે. જેના અનુસંધાને ભારત સરકારે અને ગુજરાત સરકારે પણ એડવાઇઝરી જાહેર કરેલ છે ત્યારે ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર પણ તા.૨૯–૦૩–૨૦૨૦ સુધી સ્થગિત રાખવાની દરખાસ્ત કરતાં, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે ગુજરાત સરકારે કોરોના વાયરસના ફેલાવાને અટકાવવા લીધેલા પગલાંની સભાગૃહને વિસ્તૃત જાણકારી આપતાં, વિપક્ષના

નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ કોરોના વાયરસની ગંભીરતાની જાણકારી આપી, સભ્યશ્રી વિક્રમભાઇ માડમે પણ સભાગૃહની બેઠક સ્થગિત કરવાની દરખાસ્તમાં સૂર પૂરાવતાં, સભાગૃહના નેતાશ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્ય સરકારે લીધેલા અને લઇ રહેલા પગલાંની વિશદ્ જાણકારી આપી ચિંતાનું કોઇ કારણ ન હોવાનું જણાવ્યું. રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પણ રાજ્ય સરકારે કોરોના વાયરસના અનુસંધાને પર્યાપ્ત પગલાં લીધેલ હોવાથી સભાગૃહની બેઠક મુલતવી રાખવી જરૂરી નથી તેમ જણાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ પણ કોરોના વાયરસના ફેલાવાને અટકાવવા માટે સરકારે પૂરતાં પગલાં લીધાં છે અને ગુજરાત વિધાનસભામાં પણ તેમના દ્વારા લેવાયેલ પગલાંની વિસ્તૃત જાણકારી આપી સભાગૃહની કાર્યવાહી નિશ્ચિત સમય સુધી ચાલુ રાખવાની જાહેરાત કરી.

**૬. સભાત્યાગ**

સભાગૃહની બેઠક સ્થગિત કરવાના સભ્યશ્રી શૈલેષભાઇ પરમારના પ્રસ્તાવનો અસ્વીકાર થતાં, વિપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં હાજર રહેલ તમામ વિપક્ષના સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.

**૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**

કર વસૂલાત ખર્ચ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)ને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૨, વીજળી શક્તિ પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૩, ઊર્જા વિભાગના માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે, ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૯, ખાણ અને ખનીજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૦, ઉદ્યોગ અને ખાણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે તથા બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૫, બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે રજૂ કરી.

વિપક્ષના સભ્યશ્રીઓએ સભાત્યાગ કરેલ હોવાથી એકપણ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નહીં.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જગદીશ વિશ્વકર્મા
(૨) શ્રી બાબુભાઇ બોખીરીયા
(૩) શ્રી અરૂણસિંહ રણા
(૪) શ્રી ઋષિકેશ પટેલ
(૫) શ્રી રમણભાઇ પટેલ
(૬) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૭) શ્રી કનુભાઇ દેસાઇ

**વિરામ બપોરના ૨.૨૮ થી ૩.૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૮) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૯) શ્રી મુકેશભાઇ પટેલ
(૧૦) શ્રી પૂર્ણેશ મોદી
(૧૧) શ્રી હર્ષ સંઘવી

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે આપ્યો.

**૮. માનનીય અધ્યક્ષશ્રીનું સૂચન**

માનનીય અધ્યક્ષશ્રીએ લોકસભાના માનનીય અધ્યક્ષશ્રી ઓમ. બિરલા દ્વારા સ્પીકર કોન્ફરન્સ દરમિયાન કરેલ સૂચન અનુસાર ગુજરાત વિધાનસભામાં પણ માનનીય સભ્યશ્રીઓ તેમના મત વિસ્તારના દરરોજના ૫૦ પ્રશ્નોની અગાઉથી માનનીય અધ્યક્ષશ્રીને લેખિતમાં જાણ કરવાની રહેશે, આક્ષેપાત્મક પ્રશ્નો પૂછી શકાશે નહીં. પૂછવામાં આવેલ પ્રશ્નોમાંથી અગત્યના ૨૫ પ્રશ્નો તારવીને માનનીય મંત્રીશ્રીને પૂછવામાં આવશે, તેમના જવાબ તે સમયે આપવામાં આવશે નહીં અને માનનીય મંત્રીશ્રી તેની નોંધ કરશે તેવી જાહેરાત કરી.

**૯. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ માગણી ક્રમાંક–૧૨, ૧૩, ૪૯, ૫૦ અને ૭૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, મંગળવાર, તા. ૧૭મી માર્ચ ૨૦૨૦ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૪૩ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**

**ગાંધીનગર.**

**તા. ૧૬મી માર્ચ , ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**

**સચિવ,**

**ગુજરાત વિધાનસભા**

**ક્રમાંક–૧૪**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**મંગળવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૨૦**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)**

મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૦, ચૂંટણીને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૧, સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૩, શહેરી આવાસનને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૧, શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૨ તથા સિંચાઇ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૬ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે રજૂ કરી.

વિપક્ષના સભ્યશ્રીઓ સભાગૃહમાં હાજર ન હોવાથી એકપણ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નહીં.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પૂર્ણેશ મોદી
(૨) શ્રી સુરેશભાઇ ધ. પટેલ
(૩) શ્રી શૈલેષભાઇ મહેતા
(૪) શ્રી અરવિંદ છો.પટેલ
(૫) શ્રી રાકેશભાઇ શાહ
(૬) શ્રીમતી સીમાબેન મોહીલે
(૭) શ્રી અર્જુનસિંહ ચૌહાણ
(૮) શ્રી અરવિંદ રૈયાણી
(૯) શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા
(૧૦) શ્રી પિયુષભાઇ દેસાઇ
(૧૧) શ્રી વિવેક પટેલ
(૧૨) શ્રી જીગ્નેશકુમાર સેવક
(૧૩) શ્રી અરવિંદ રાણા
(૧૪) શ્રી રમણભાઇ પટેલ
(૧૫) શ્રી અરવિંદકુમાર ગાં.પટેલ
(૧૬) શ્રી વિનોદભાઇ મોરડીયા
(૧૭) શ્રી રાઘવજીભાઇ પટેલ
(૧૮) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૧૯) શ્રી કનુભાઇ પટેલ

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.(જવાબ અધૂરો)

**૨. વિરામનો સમય રદ કરવા અંગે**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ વિરામનો સમય રદ કરી માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનું પ્રવચન અને માગણીઓ પરનું મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાની દરખાસ્ત કરતાં, માનનીય સભાપતિ ડો.નીમાબેન આચાર્યએ સભાગૃહની અનુમતિથી વિરામનો સમય રદ કરી માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનું પ્રવચન અને માગણીઓ પરનું મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાની જાહેરાત કરી.

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પોતાનો અધૂરો રહેલ જવાબ પૂર્ણ કર્યો.

**ત્યારબાદ માગણી ક્રમાંક–૩૦, ૩૧, ૩૩, ૧૦૧, ૧૦૨ અને ૬૬**
**મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩.૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧૨.૫૪ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૩.૩૦ વાગ્યે ફરી મળ્યું.**

## ૧. તારાંકિત પ્રશ્નોત્તરી

મંગળવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૨, ૩, ૪, ૬, ૭, ૯, ૧૩, ૧૪, ૧૫ અને ૧૭ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્નોના અગ્રતાક્રમ ૧, ૮, ૧૦, ૧૧, ૧૨ અને ૧૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

રાજીનામા આપેલ સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતા ક્રમ– ૫, ૬૦, ૯૪, ૧૧૪, ૧૪૨, ૧૮૪, ૨૨૮, ૨૪૯ અને ૨૯૦ રદ કરવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૮થી ૨૯૬(પૈકી રદ થયા સિવાયના)ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સાંજના ૪.૩૦ વાગ્યે પૂરો થયો.

## ૨. માનનીય અધ્યક્ષશ્રીની ટકોર

**અધિકારી દીર્ઘામાં અધિકારીશ્રીઓ દ્વારા મોબાઇલ પર વાત કરવા બાબત**

માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇ દ્વારા તેમનું ધ્યાન દોરવામાં આવ્યું છે કે અધિકારી દીર્ઘામાં અધિકારીઓ મોબાઇલ ઉપર વાત કરે છે, તેમ જણાવી અધિકારીઓને મોબાઇલ ઉપર વાત ન કરવા આદેશ કર્યો.

## ૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

કૃષિને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨ તથા નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩, માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુએ, પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪, માનનીય પશુપાલન મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૧ તથા વાહન વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૪, બંદરો અને વાહન વ્યવહાર વિભાગના માનનીય મંત્રીશ્રી આર.સી.ફળદુએ રજૂ કરી.

વિપક્ષના સભ્યશ્રીઓ હાજર ન હોવાથી એકપણ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થયેલ નથી.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જેઠાભાઇ આહિર(ભરવાડ)
(૨) શ્રી મહેશકુમાર રાવલ
(૩) શ્રી નરેશભાઇ પટેલ
(૪) શ્રી દેવાભાઇ માલમ
(૫) ડો.આશાબેન પટેલ
(૬) શ્રી બાબુભાઇ પટેલ
(૭) શ્રી પિયુષભાઇ દેસાઇ(પ્રવચન અધૂરું)

**વિરામ સાંજના ૫.૩૦ થી ૬.૦૦**

સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૮) શ્રી અભેસિંહ તડવી
(૯) શ્રી મોહનભાઇ ઢોડીયા
(૧૦) શ્રી અજમલજી ઠાકોર
(૧૧) શ્રી ઋષિકેશ પટેલ
(૧૨) શ્રી કિર્તીસિંહ વાઘેલા
(૧૩) શ્રી શંભુજી ઠાકોર
(૧૪) શ્રી રમેશભાઇ કટારા
(૧૫) શ્રી બાબુભાઇ બોખીરીયા

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુ અને પશુપાલન મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૨, ૩, ૪, ૭૧ અને ૭૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બુધવાર, તા. ૧૮મી માર્ચ ૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રીના ૭.૫૮ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૭મી માર્ચ , ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક-૧૫**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**બુધવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ-૧, ૨, ૩, ૫, ૭, ૮, ૧૦, ૧૨, ૧૫, ૧૭ અને ૧૮ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ- ૪, ૬, ૯, ૧૧, ૧૩, ૧૪ અને ૧૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

રાજીનામા આપેલ સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતા ક્રમ- ૪૧, ૬૯, ૭૪, ૧૦૭, ૧૬૦, ૧૮૦, ૧૮૫, ૨૧૧, ૨૩૮ અને ૨૫૩ રદ કરવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા તારાંકિત પ્રશ્નો અગ્રતાક્રમ ૧૯થી ૨૬૬(પૈકી રદ સિવાયના)ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી આર.સી.મકવાણાએ સમિતિનો આઠમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

**૩. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રી આર.સી.મકવાણાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

‘‘આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના આઠમા અહેવાલ સાથે સંમત થાય.’’

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**

જિલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૭૮ અને કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૭૯ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે, સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૨ અને અનુસૂચિત જાતિ પેટા યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૫ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઇ પરમારે રજૂ કરી.

માગણી ક્રમાંક- ૭૮, ૭૯ અને ૯૨ ઉપર વિપક્ષના સભ્યશ્રીઓ સભાગૃહમાં હાજર ન હોવાથી એકપણ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થયેલ નથી.

માગણી ક્રમાંક-૯૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરવામાં આવી.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી સી.કે.રાઉલજી
(૨) શ્રી શંભુજી ઠાકોર
(૩) શ્રીમતી માલતી મહેશ્વરી
(૪) શ્રી બલરાજસિંહ ચૌહાણ
(૫) ડો.નીમાબેન આચાર્ય
(૬) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૭) શ્રી કરસનભાઇ સોલંકી
(૮) શ્રી રાકેશભાઇ શાહ
(૯) શ્રી પ્રદિપભાઇ પરમાર
(૧૦) શ્રી ભીખાભાઇ બારૈયા
(૧૧) શ્રી જીગ્નેશકુમાર મેવાણી

**વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૨) શ્રી હિતુ કનોડીયા

(૧૩) શ્રી લાખાભાઇ સાગઠીયા

ત્યારબાદ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની ચર્ચાનો જવાબ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઇ પરમારે આપ્યો.

ત્યારબાદ મહેસૂલ વિભાગની ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે આપ્યો.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**ત્યારબાદ માગણી ક્રમાંક–૭૮, ૭૯, ૯૨ અને ૯૫**
**મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**સભાગૃહ, ગુરુવાર, તા. ૧૯મી માર્ચ ૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે સાંજના ૪.૩૭ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૮મી માર્ચ , ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૧૬**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**

**ગુરુવાર, તા. ૧૯મી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા. ૧૯મી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૨, ૪, ૬, ૯, ૧૧, ૧૩, ૧૪ અને ૧૫ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્નોના અગ્રતાક્રમ– ૩, ૫, ૭, ૮, ૧૦ અને ૧૨ને અતારાંકિત ગણવામાં આવ્યા.

રાજીનામા આપેલ સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતા ક્રમ–૩૧, ૫૮, ૬૪, ૭૬, ૧૫૮, ૧૬૪ અને ૧૭૩ રદ કરવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા તારાંકિત પ્રશ્નો અગ્રતાક્રમ ૧૬થી ૨૩૧(પૈકી રદ સિવાયના)ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજરાત રાજ્ય મૂડી રોકાણ લિમિટેડનો સન ૨૦૧૮–૨૦૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારી સમીક્ષા

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૨) ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૨૦૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારી સમીક્ષા

**માનનીય પ્રવાસન મંત્રીશ્રી જવાહરભાઇ ચાવડા**

(૩) ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્ય કક્ષાના ગ્રામ વિકાસ મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૪) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૧૮–૧૯ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૫) સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૪–૧૫નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્ય કક્ષાના કૃષિ મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર**

(૬) ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે**

(૭) ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના સન ૨૦૧૪–૧૫ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૮) ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૯) ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૧૦) ઉદ્યોગ અને ખાણ વિભાગના,

સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ અધિનિયમ અન્વયેના,

તા.૧૮-૦૯-૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃ જીઆઇડીસી/ઇએસટી/લો/એએમડી/૧૬, તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)**

શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૫૭ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે અને ન્યાયતંત્રનો વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૬૦ રાજ્ય કક્ષાના માનનીય કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ રજૂ કરી.

માગણી ક્રમાંક-૫૭ અને ૬૦ ઉપરની કાપ દરખાસ્તો વિપક્ષના સભ્યશ્રીઓ સભાગૃહમાં હાજર ન હોવાથી એકપણ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નહીં.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી દુષ્યંતભાઇ પટેલ (૨) શ્રી શંભુજી ઠાકોર

ત્યારબાદ કાયદા વિભાગની ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના માનનીય કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ શ્રમ અને રોજગાર વિભાગની ચર્ચાનો જવાબ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે આપ્યો.

**માગણી ક્રમાંક-૫૭ અને ૬૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**વિરામ બપોરના ૨.૦૧ થી ૩.૦૦**

**૪. બિન-સરકારી કામકાજ**

**બિન-સરકારી સંકલ્પો**

(૧) **માનનીય સભ્યશ્રી ગેરહાજર**

(૨) સભ્યશ્રી જગદીશ વિશ્વકર્માએ, '' હરિત ક્રાંતિ અને રાસાયણિક ખેતીને કારણે જમીન તથા પાકની ગુણવત્તા બગડે છે ત્યારે રાજ્યમાં ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ તરફ વળે તે માટે ખેડૂતોમાં વ્યાપક જાગૃતિ લાવવા બાબત'' અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી બાબુભાઇ બોખીરીયા (૩) ડો.આશાબેન પટેલ

(૨) શ્રી કુબેરભાઇ ડીંડોર (૪) શ્રી બાબુભાઇ પટેલ

ચર્ચાનો જવાબ માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુએ આપ્યો.

**ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

(૨) સભ્યશ્રી કરશનભાઇ સોલંકીએ, '' અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિભાને અનુરૂપ તા.૩૧-૧૦-૨૦૧૮ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ સ્મારક સ્વયં અખંડીતતાનો એક આગવો સંદેશ પ્રસરાવે તેવું આયોજન કરવા'' અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી દુષ્યંતભાઇ પટેલ (૨) અભેસિંહ તડવી

ચર્ચાનો જવાબ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

**ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**પ. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**કોમનવેલ્થ પાર્લામેન્ટરીયન એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા બાબત**

માનનીય અધ્યક્ષશ્રીએ આજની બેઠકનું કામકાજ પૂર્ણ થયા બાદ કોમનવેલ્થ પાર્લામેન્ટરીયન એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા વિધાનસભાના મકાનમાં ચોથા માળે આવેલ સમિતિ ખંડ–૧માં મળવા બાબતની જાહેરાત કરી.

**સભાગૃહ, શુક્રવાર, તા. ૨૦મી માર્ચ ૨૦૨૦ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૫૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૯મી માર્ચ , ૨૦૨૦**

**ક્રમાંક-૧૭**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**

**શુક્રવાર, તા. ૨૦મી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા. ૨૦મી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ- ૩, ૪, ૯, ૧૨, ૧૭, ૧૯ અને ૨૧ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્નોના અગ્રતાક્રમ- ૧, ૨, ૫, ૬,૭, ૮, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮ અને ૨૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.

રાજીનામા આપેલ સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતા ક્રમ-૫૮, ૧૨૯, ૧૬૯, ૧૮૪ અને ૨૩૪ રદ કરવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા તારાંકિત પ્રશ્નો અગ્રતાક્રમ ૨૨થી ૨૮૩(પૈકી રદ સિવાયના)ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)**

વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨૬, અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૩, આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૬ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૦૫ માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ રજૂ કરી.

માગણી ક્રમાંક-૨૬, ૯૩, ૯૬ અને ૧૦૫ ઉપરની કાપ દરખાસ્તો વિપક્ષના સભ્યશ્રીઓ સભાગૃહમાં હાજર ન હોવાથી એકપણ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નહીં.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૨) શ્રી અરવિંદ છો.પટેલ
(૩) ડો.આશાબેન પટેલ
(૪) શ્રી જીગ્નેશકુમાર મેવાણી
(૫) શ્રી અભેસિંહ તડવી
(૬) શ્રી રમેશભાઇ કટારા
(૭) શ્રી શૈલેષભાઇ ભાભોર
(૮) શ્રી સુરેશભાઇ ધ.પટેલ
(૯) શ્રીમતી ઝંખનાબેન પટેલ (પ્રવચન અધૂરું)

**વિરામ બપોરના ૧૨.૦૦ થી ૧૨.૩૦**

માનનીય સભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલે પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૦) શ્રી કુબેરભાઇ ડીંડોર
(૧૧) શ્રી નરેશભાઇ પટેલ
(૧૨) શ્રી પૂર્ણેશ મોદી

ત્યારબાદ વન અને પર્યાવરણ, આદિજાતિ વિકાસ વિભાગ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગની ચર્ચાનો જવાબ માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ આપ્યો.

**માગણી ક્રમાંક-૨૬, ૯૩, ૯૬ અને ૧૦૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**
**સભાગૃહ, સોમવાર, તા. ૨૩મી માર્ચ ૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૨.૧૭ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૦મી માર્ચ , ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક-૧૮**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**

**સોમવાર, તા. ૨૩મી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

સોમવાર, તા.૨૩મી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ-૨, ૫, ૬, ૭, ૧૦, ૧૩,૧૮, ૨૦, ૨૧ અને ૨૨ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્નોના અગ્રતાક્રમ ૧, ૩, ૪, ૮, ૯, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭ અને ૧૯ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૨૩થી ૩૦૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

**૨. માનનીય મુખ્યમંત્રીશ્રીનું નિવેદન**

**કોરોના વાયરસના ફેલાવાને અટકાવવા રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ પગલાં અંગે**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ વિશ્વમાં ફેલાયેલ કોરોના વાયરસની મહામારી સંદર્ભે દેશમાં આ વાયરસનો ફેલાવો કેવી રીતે અટકે તે સંદર્ભે કેન્દ્ર સરકારે લીધેલાં પગલાંની જાણકારી આપી, રાજ્યમાં કોરોના વાયરસનો ફેલાવો અટકાવવા માટે રાજ્ય સરકારે લીધેલા પગલાંની જાણકારી આપી, સૌના સાથ અને સહકારની અપેક્ષા રાખી. માનનીય અધ્યક્ષશ્રીએ પણ આ બાબતે લોક જાગૃતિ થાય તે માટે લોકશાહીના ધબકારા એપિસોડમાં આ બાબતનો સમાવેશ કરવા સચિવશ્રીને જણાવ્યું.

**૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

**ધોરણ-૧૦ની પરીક્ષાના પેપરની ઉત્તરવહીઓ રસ્તા ઉપર મળવા બાબત**

સભ્યશ્રી રાઘવજીભાઇ પટેલે નિયમ-૧૧૬ અન્વયે " ધોરણ-૧૦ની પરીક્ષાના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષયના પેપરની ઉત્તરવહીઓ રાજકોટ નજીક વિરપુર પાસે રસ્તે રઝળતી મળતાં, જવાબદાર અધિકારીઓની બેદરકારીના કારણે વિદ્યાર્થીઓના હિત અને પરિણામ ઉપર અસર ન થાય તે માટે જવાબદારો સામે પગલા ભરવા" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૪. મહેસૂલ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)**

માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે ઇ-સ્ટેમ્પીંગનો વ્યાપ વધારવાના હેતુથી નોન-જ્યુડિશિયલ સ્ટેમ્પ પેપરનું વેચાણ કરતા ઓથોરાઇઝ કલેકશન સેન્ટરના કમિશનમાં વધારો કરવા સંબંધમાં નિયમ-૪૪ હેઠળનું નિવેદન વાંચીને કર્યું.

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)**

નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨૨ અને અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨૩ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના માનનીય મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયાએ તથા પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૬૭ માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ રજૂ કરી.

વિપક્ષના સભ્યશ્રીઓ હાજર ન હોવાથી એકપણ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નહીં.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પૂર્ણેશ મોદી (૩) શ્રી શંભુજી ઠાકોર

(૨) શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ (૪) શ્રી ભરતભાઇ પટેલ(પ્રવચન અધૂરું)

**૬. વિરામનો સમય લંબાવવા અંગે**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ વિરામનો સમય બપોરના ૨.૦૦થી ૩.૩૦ સુધીનો રાખવાની દરખાસ્ત કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની અનુમતિથી તે પ્રમાણે વિરામનો સમય લંબાવવાની જાહેરાત કરી.

**૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી ભરતભાઇ પટેલે પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.

**વિરામ બપોરના ૨.૦૦ થી ૩.૩૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૫) શ્રી પરસોત્તમભાઇ સાબરીયા (૭) શ્રી ગજેન્દ્રસિંહ પરમાર

(૬) શ્રીમતી ગીતાબા જાડેજા (૮) શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા

પાણી પુરવઠા વિભાગની માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ આપ્યો.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયાએ આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૨૨, ૨૩ અને ૬૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૮. માનનીય મુખ્યમંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**સભાગૃહ અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ કોરોના વાયરસના અનુસંધાને પેદા થયેલી પરિસ્થિતિના સંદર્ભમાં બજેટને લગતી તમામ કાર્યવાહી આજે પૂર્ણ કરી, વિધાનસભાગૃહ અચોક્કસ મુદત માટે મુલતવી રાખવા અંગેનો પ્રસ્તાવ રજૂ કરતાં, રાજ્ય કક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તેને સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ પ્રસ્તાવ ગૃહના મત માટે રજૂ કર્યો અને પ્રસ્તાવને ગૃહની મંજૂરી મળતાં માનનીય અધ્યક્ષશ્રીએ બજેટ સત્રનું તમામ કામકાજ આજે પૂર્ણ કર્યા બાદ વિધાનસભાગૃહ અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૯. સન ૨૦૨૦–૨૦૨૧ના અંદાજપત્રમાં સમાવિષ્ટ ગિલોટીન થયેલી માગણીઓ**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે માગણી ક્રમાંક– ૧, ૫, ૬, ૭, ૮, ૧૧, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૮, ૬૯, ૭૦, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરી. જે મત પર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ રાજ્ય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**વિરામ સાંજના ૪.૧૦ થી ૪.૨૫**

**૧૦. અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ પહેલી, બીજી, ત્રીજી, ચોથી અને પાંચમી અતારાંકિત યાદીઓ સભાગૃહના મેજ પર મૂકી.

**૧૧. સરકારી વિધેયકો**

**(૧)** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૨૦નું ગુજરાત વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને કલમ–૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને કલમ–૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**(૨)** માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે, સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૨૦નું ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જગદીશ વિશ્વકર્મા
(૨) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૩) શ્રી રાઘવજીભાઇ પટેલ

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને કલમ–૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને કલમ–૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૧૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબનો સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષ માટેનો મહાનગરપાલિકાનો ઓડિટ અહેવાલ અને સન ૨૦૧૭–૨૦૧૮ના વર્ષ માટેનો નગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તથા સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષ માટેનો જિલ્લા અને તાલુકા પંચાયતોનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૨) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો તા.૩૧–૦૩–૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષ માટેનો જાહેર ઉપક્રમો અંગેનો ઓડિટ અહેવાલ

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

**૧૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો**

સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે ૪૫ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

**૧૪. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ સાંજના ૫.૦૩ વાગ્યે વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી.

**ત્યારબાદ ''વંદે માતરમ્'' રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવવામાં આવી.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,** **ડી.એમ.પટેલ**
**ગાંધીનગર.** **સચિવ,**
**તા. ૨૩મી માર્ચ, ૨૦૨૦** **ગુજરાત વિધાનસભા.**